


NATIONAL ACHIEVEMENT SURVEY-Class VIII (Cycle 4)

# સામાજિક વિજ્ઞાન

| | |
|---|---|
| કસોટી પત્રક કોડ : 4 1 | માધ્યમ કોડ : 0 4 |

વિદ્યાર્થીનું નામ : ______

શાળાનું નામ : ______

રાજ્યનું નામ : ______

જિલ્લાનું નામ : ______

માત્ર ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર માટે

| | | | |
|---|---|---|---|
| 1 8 | | | |
| રાજ્ય કોડ | જિલ્લા કોડ | શાળા કોડ | વર્ગ કોડ |
| | વિસ્તાર કોડ<br>1. ગ્રામ્ય 2. શહેરી | વિદ્યાર્થી કોડ | વિદ્યાર્થી જાતિ<br>1. કુમાર 2. કન્યા |

राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्
NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING
**Educational Survey Division**
Sri Aurobindo Marg, New Delhi 110 016

**2015-16**

## સામાજિક વિજ્ઞાન

## <u>વિદ્યાર્થીઓ માટેની સૂચનાઓ</u>

નીચે આપેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.

(1) ખંડ નિરીક્ષકની સૂચના અનુસાર તમારું નામ વિદ્યાર્થી ,શાળા કોડ ,જિલ્લા કોડ ,રાજ્ય કોડ ,તારીખ , કોડ શાળા સંચાલનનો પ્રકાર વગેરે વિગતો ,જાતિ ,લિંગ ,પ્રશ્નપત્રનો કોડ ,માધ્યમ કોડ ,OMR sheet (ઉત્તરવહી) માં લખો.

(2) આ કસોટીમાં કુલ 60 પ્રશ્નો છે .તમામ પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયત્ન કરો .

(3) આ પ્રશ્નપત્રના જવાબો લખવા માટે તમને 120 મિનિટનો સમય આપવામાં આવશે .

(4) તમારે તમારો ઉત્તર OMR sheet (ઉત્તરવહી) માં દર્શાવવાનો રહેશે .

(5) દરેક પ્રશ્નના ઉત્તર માટે '1', '2', '3' અને '4' એમ ચાર વિકલ્પો આપેલા છે તે પૈકી કોઈ એક જ .

(6) વિકલ્પ ખરો છે .

(7) આપેલ ચાર વિકલ્પ પૈકી તમે જે વિકલ્પને સાચો ઉત્તર માનતા હો તેને દર્શાવવા OMR sheet (ઉત્તરવહી) માં તે વિકલ્પના ક્રમ વાળા વર્તુળને ઘુંટીને ઘાટું કરવાનું છે .

(8) OMR sheet (ઉત્તરવહી) ના વર્તુળને ઘાટું કરવા ભૂરી કે કાળી બોલપેનનો ઉપયોગ કરો . નીચે દર્શાવેલ ઉદાહરણ પ્રમાણે પ્રશ્નનો ઉત્તર કાળજીપૂર્વક આપવાનો છે .

ઉદાહરણ:

1. નીચેનામાંથી ક્યું પરિબળ દેશના રાષ્ટ્રીય એકીકરણને પ્રોત્સાહન આપે છે?
   1. પોતાના ધર્મ માટે પ્રેમ
   2. પોતાના દેવ માટે પ્રેમ
   3. પોતાની પ્રાદેશિક ભાષા માટે પ્રેમ
   4. પોતાની જાતિ માટે પ્રેમ

ઉપર દર્શાવેલ ઉદાહરણમાં વિકલ્પ '2' એ સાચો ઉત્તર છે તેથી .OMR sheet માં પ્રશ્ન 1 સામેના 2 ક્રમવાળા વર્તુળ ઉપર નીચે દર્શાવ્યા મુજબ બોલપેન વડે ઘાટું કરવાનું છે.

1. → (1) ● (3) (4)

(9) OMR sheet (ઉત્તરવહી) માં ઉત્તરના ક્રમ ઉપર એક વખત ઘટ્ટ કર્યા પછી .તે બદલી શકાશે નહિં ,

(10) તમે ગણતરી .રફકાર્ય આ પ્રશ્નપત્રમાં જ કોરી જગ્યામાં કરી શકશો/

(11) તમને હજુ કોઈ બાબતે મુંઝવણ હોય તો ખંડ નિરીક્ષકશ્રીને પૂછી સાચી સમજ મેળવી લો .

1. ઇ.સ. 1498માં એક પોર્ટુગીઝ સાહસિક ...................... એ ભારત આવવા માટેનો સમુદ્ર માર્ગ શોધ્યો હતો.

1. વાસ્કો-દ-ગામા
2. કેપ્ટન કૂક
3. ક્રિસટોફર કોલંબસ
4. મેગેલન

2. ખ્રિસ્તી ધર્મના સ્થાપક કોણ હતા ?

1. ઈસુ ખ્રિસ્ત
2. ગૌતમ બુધ્ધ
3. મોહમંદ પયગંબર
4. જરથોષ્ઠ

3. પ્લાસીના યુધ્ધમાં સિરાજ-ઉદ્-દૌલા સામે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સૈન્યનું નેતૃત્વ કોણે લીધું હતું ?

1. રોબર્ટ કલાઈવ
2. વોરન હેસ્ટિંગ્સ
3. લોર્ડ કર્ઝન
4. મીર જાફર

4. .......................શાંતિનિકેતન સાથે સંકળાયેલા હતા.

1. મહાત્મા ગાંધી
2. ડૉ. બી. આર. આંબેડકર
3. રવીન્દ્રનાથ ટાગોર
4. શ્રી નારાયણગુરુ

5. મુઘલ સમયગાળામાં 'જબ્ત' શબ્દ ...................... માટે વપરાતો હતો.

1. જમીન મહેસૂલ વ્યવસ્થા
2. ભાવ નિયંત્રણ વ્યવસ્થા
3. લશ્કર તંત્ર
4. સિંચાઈ તંત્ર

6. મુઘલ સમ્રાટોએ મુખ્યત્વે...................... અને ...................... થી સામ્રાજય પર શાસન કર્યું.

1. આગ્રા અને કાનપુર
2. દિલ્હી અને મેરઠ
3. પટના અને કલકત્તા
4. દિલ્હી અને આગ્રા

7. દસ્તાવેજો સાચવવા માટે ...................... ઉપયોગ થતો નથી.

1. પ્રાંતીય સચિવાલય
2. કમિશ્નરની કચેરી
3. કલેકટર કચેરી
4. સિનેમા ઘર

8. મંગલ પાંડેને ફાંસી આપવામાં આવી કારણ કે તેણે ......................

1. ગણવેશ પહેરવાની ના પાડી
2. તેના વરિષ્ઠ અધિકારીને સલામ ન આપી
3. બરાકપુરમાં અધિકારી ઉપર હુમલો કર્યો
4. પાદરી પર હુમલો કર્યો

9. ઈસ્ટ ઇન્ડીયા કંપનીએ ભારતમાં કયા યુદ્ધમાં પ્રથમ મહત્વપૂર્ણ જીત મેળવી હતી ?

1. તરાઈ યુદ્ધમાં
2. પાણીપતના યુદ્ધમાં
3. બકસરના યુદ્ધમાં
4. પ્લાસીના યુદ્ધમાં

10. અંગ્રેજોના સમયમાં બનાવેલ 'મીઠાનો કાયદો' એટલે ?

1. સરકાર મીઠું બનાવવું અને વેચવાનો અધિકાર ધરાવતી
2. સામાન્ય લોકો મીઠું બનાવી શકે
3. ભારતીય ઉદ્યોગ મીઠું બનાવી શકે
4. અંગ્રેજી અને ભારતીય દુકાનોમાં મીઠું વેચી ન શકાય

11. વિધવા પુનઃ લગ્ન ધારો અને બાળ લગ્ન અંકુશ ધારો જેવા મહિલા સંબંધી સુધારાનો હિન્દુ રાષ્ટ્રવાદી અને મુસ્લિમ રૂઢિવાદીઓ શા માટે વિરોધ કરતાં હતા ?

1. તેનાથી કૌટુંબિક મૂલ્યોના હ્રાસ અને ભારતીય સંસ્કૃતિનો બગાડ થશે.
2. તે સ્ત્રીઓને વધુ શકિતશાળી બનાવશે.
3. તે સ્ત્રીઓને ઓછી આજ્ઞાંકિત બનાવશે
4. તેનાથી પુરુષોની સ્થિતિ નબળી બનશે

12. ખાદ્ય નિર્માણ ઉદ્યોગ, વનસ્પતિ તેલઉદ્યોગ અને ખાંડઉદ્યોગ એ કયાં પ્રકારના ઉદ્યોગોનાં ઉદાહરણો છે?

1. ખનિજ આધારિત ઉદ્યોગ
2. જંગલ આધારિત ઉદ્યોગ
3. સમુદ્ર આધારિત ઉદ્યોગ
4. કૃષિ આધારિત ઉદ્યોગ

13. યુરોપની વ્યાપારિક કંપનીઓ ભારત તરફ કઈ બાબતે આકર્ષિત થઈ હતી ?

1. સોનું અને ચાંદી
2. કપાસ, રેશમ અને મસાલા
3. વનસ્પતિ અને પશુપક્ષીઓ
4. ઘોડા અને પાલતું પશુઓ

14. 1857 ના વિપ્લવમાં કોણે ભાગ લીધો ન હતો ?

1. નાના સાહેબ
2. રાણી લક્ષ્મીબાઈ
3. બેગમ હજરત મહાલ
4. ગ્વાલિયરના મરાઠા શાસક

15. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના કયારે થઈ હતી ?

1. 1870
2. 1876
3. 1883
4. 1885

16. આપણે માનવ સંશાધન માટે શિક્ષણ અને તાંત્રિક કૌશલ્ય (સ્કીલ)નો વિકાસ કરવો જોઈએ કારણ કે.....

1. આપણી પાસે ખૂબ જ ધન (રૂપિયા) છે.
2. તે આપણા દેશના વિકાસમાં મદદરૂપ થઈ શકે છે.
3. શિક્ષિત લોકો ચપળ દેખાય છે.
4. બીજા રાષ્ટ્રના લોકો પણ શિક્ષિત છે

17. 'પંચમહાલ ભીલ સેવા મંડળ' ની સ્થાપના કોણે કરી હતી ?

1. રવિશંકર મહારાજ
2. ઠક્કરબાપા
3. જ્યોતિબા ફૂલે
4. નારાયણ ગુરુ

18. ભારતમાં સર્વોચ્ચ અદાલતે કાનૂની ફરિયાદ દૂર કરવા માટે કઈ વ્યવસ્થા શરૂ કરી છે ?

1. જમીન વિષયક જાહેર સૂચના
2. લોકોના અંતિમ કાનૂન
3. ગેરકાનૂની જમીન અધિગ્રહણ સૂચના
4. જાહેર હિતની અરજી

19. નીચેનામાંથી કયું ભારતીય સંસદનું અંગ નથી ?

1. રાષ્ટ્રપતિ
2. રાજ્યસભા
3. સર્વોચ્ચ અદાલત
4. લોકસભા

20. આપેલ ચિત્રમાં એક ઔદ્યોગિક ગતિવિધિ દર્શાવેલ છે
આ ચિત્ર કયા ઉદ્યોગ સાથે સંબંધિત છે ?



1. ખાંડ
2. કાપડ
3. પોલાદ
4. છાપકામ

21. 2004ની ચૂંટણીમાં લગભગ 1,50,000 વૃક્ષોને બચાવી શકાયાં. આ એટલા માટે શકય બન્યું કારણ કે...

1. મતદાનપત્રને આકારમાં નાના બનાવી દીધાં
2. ઈલેકટ્રોનીક મતદાન મશીન (EVM) નો ઉપયોગ કરવામાં આવ્યો
3. બહુ ઓછા મતદાતા મતદાન કરવા આવ્યા હતા
4. 2004 ની ચૂંટણી બંધ કરી દીધી હતી

22. છેલ્લે લોકસભાની ચૂંટણી 2014માં થઈ હતી. જો વર્તમાન સરકાર પોતાનો કાર્યકાળ પૂર્ણ કરે તો આગામી લોકસભાની ચૂંટણી કયારે થાય ?

1. 2017
2. 2018
3. 2019
4. 2020

23. રાજુ પાસે બે એકર કૃષિલાયક જમીન છે. તે ભાસ્કરને 3 વર્ષ માટે પટ્ટા પર આપે છે. એક વર્ષ પછી ભાસ્કર તેની સહમતિ વગર આ જમીન પોતાના નામ પર કરાવી લે છે. હવે રાજુ કયા કાનૂન હેઠળ પોતાનો કેસ દાખલ કરી શકશે ?

1. દિવાની કાનૂન
2. ન્યાયિક કાનૂન
3. સંવિધાનિક કાનૂન
4. ફોજદારી કાનૂન

24. જનરલ ડાયરનું નામ કઈ કુખ્યાત ઘટના સાથે જોડાયેલું છે ?

1. કાળી કોટડીનો ત્રાસ
2. બરાકપુરની ગોળીબારી
3. જલિયાવાલા બાગ હત્યાકાંડ
4. ચૌરા-ચૌરીનો હત્યાકાંડ

25. પ્લાસીનું યુધ્ધ શા માટે પ્રસિદ્ધ છે ?

1. આની સાથે ડચ લોકો ભારતમાં આવ્યા
2. અંગ્રેજોની ભારતમાં મોટી જીત હતી
3. તેનાથી પોર્ટુગલોની ભારતમાં ઉપસ્થિતિ પાકી થઈ
4. આની સાથે જ વ્યાપારિક કંપનીઓ વચ્ચેની લડાઈનો અંત આવ્યો

26. નીચે દર્શાવેલ ચિત્ર કયા પ્રકારની સિંચાઈ પદ્ધતિ દર્શાવે છે ?



1. ટપક સિંચાઈ પદ્ધતિ
2. બોરવેલ સિંચાઈ પદ્ધતિ
3. કોશ સિંચાઈ પદ્ધતિ
4. ફુવારા સિંચાઈ પદ્ધતિ

27. જનગણના વર્ષ-2001 ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની વસ્તી ગીચતા કેટલી છે ?

1. 124 વ્યકિત પ્રતિ ચોરસ કિ.મી.
2. 224 વ્યકિત પ્રતિ ચોરસ કિ.મી.
3. 324 વ્યકિત પ્રતિ ચોરસ કિ.મી.
4. 424 વ્યકિત પ્રતિ ચોરસ કિ.મી.

28. ભારતમાં સૌપ્રથમ લોખંડ અને પોલાદ ઉદ્યોગ કયા રાજયમાં સ્થાપવામાં આવ્યો હતો ?

1. ઝારખંડ
2. ઓરિસ્સા
3. ઉતરાખંડ
4. ઉત્તરપ્રદેશ

29. રાજસ્થાન જેવા સૂકા પ્રદેશો માટે સૌથી વધારે અનુકૂળ સિંચાઈ પદ્ધતિ કઈ છે ?

1. નહેર
2. બોરવેલ
3. ટપક
4. જળાશય

30. ભારતમાં ગ્રામપંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં સ્ત્રીઓ માટે કેટલા ટકા સીટો અનામત હોય છે ?

1. 10 %
2. 25 %
3. 30 %
4. 33 %

31. ઈ.સ. 1905માં બંગાળના ભાગલા માટે અંગ્રેજોએ કયું કારણ આપ્યું હતું ?

1. વહીવટી કારણ
2. આર્થિક કારણ
3. આંતરરાષ્ટ્રીય શાંતિનું કારણ
4. સાંસ્કૃતિક કારણ

32. સિંધ સભા ચળવળનો મુખ્ય હેતુ કયો હતો ?

1. અંધશ્રદ્ધા અને જાતિ ભિન્નતામાંથી શીખોને છૂટકારો આપવો
2. બ્રિટીશ કાયદાનો અભ્યાસ
3. પાશ્ચાત્ય શિક્ષણવ્યવસ્થાનો અભ્યાસ
4. વિચાર અને અભિવ્યકિતની સ્વતંત્રતાને પ્રોત્સાહન આપવું

33. વાયુ મંડળ કયા બે મુખ્ય વાયુઓથી બનેલ છે ?

1. ઈથેન, મિથેન
2. નાઈટ્રોજન, ઓકિસજન
3. કાર્બન ડાયોકસાઈડ, નિયોન
4. આર્ગોન, નિયોન

34. રાજય સરકારના વડા કોણ હોય છે ?

1. મુખ્યમંત્રી
2. સાંસદ
3. વડાપ્રધાન
4. રાષ્ટ્રપતિ

35. ટાપુ પર પહોંચવા માટે સૌથી વધારે અનુકૂળ વાહન કયું છે ?

1. વહાણ
2. રેલગાડી
3. મોટર
4. બસ

36. નીચેનામાંથી કોણ પંચાયતી રાજની વ્યવસ્થા સાથે જોડાયેલ છે ?

1. સરપંચ
2. શિક્ષક
3. ખેડૂત
4. વકીલ

37. નીચેનામાંથી કુદરતી પરિસ્થિતિ તંત્ર કયું છે ?

1. શાળા
2. નદી
3. હોસ્પિટલ
4. માછલીઘર

38. ભારતીય બંધારણના પિતા તરીકે કોણ ઓળખાય છે ?

1. મહાત્મા ગાંધી
2. ડૉ. બી. આર. આંબેડકર
3. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
4. પંડિત જવાહર લાલ નહેરુ

39. ભૂકંપ માપવાનું સાધન....

1. હિથર ગ્રાફ
2. સ્નાયુ કાર્યમાપક યંત્ર
3. વાયુભાર આલેખ
4. સિસ્મોગ્રાફ

40. વાયુમંડળનું કયું મંડળ પૃથ્વી સપાટીની નજીક આવેલ છે ?

1. બાહ્યમંડળ
2. મધ્યમંડળ
3. તાપમંડળ
4. ક્ષોભમંડળ

41. છૂટક કામદારો માટે નીચેની કઈ લાક્ષણિકતા લાગુ પડે છે ?

1. તેઓની નોકરી કાયમી છે
2. નોકરીની સલામતી આપવામાં આવે છે
3. તબીબી સુવિધાઓ આપવામાં આવે છે
4. કામની જરૂર હોય ત્યારે જ બોલવામાં આવે છે

42. કાયમી વસવાટનું સારું ઉદાહરણ....

1. ગામ
2. તંબુ
3. મેળો
4. વણઝારાનું ઝુંડ

43. ભારતીય રાજ્ય વ્યવસ્થા કેવા પ્રકારની છે ?

1. લોકશાહી
2. નિરંકુશ
3. રાજાશાહી
4. સરમુખત્યારશાહી

44. બરફના બનેલા નિવાસોને શું કહે છે ?

1. ઘર
2. ઝૂંપડું
3. ધર્મશાળા
4. ઈગ્લુ

45. **નીચેના માંથી કયાં સ્થળે ભારતના લોકો પોતાના ધાર્મિક પ્રતિકો દર્શાવે છે અથવા તેમનો ફેલાવો કરી શકે છે ?**

1. અદાલત
2. પોલીસ સ્ટેશન
3. સરકારી શાળાઓ
4. ધાર્મિક સ્થાનો

46. શીત પ્રવાહનો ઉદભવ ...................... ની નજીકથી થાય છે

1. ધ્રુવો
2. વિષુવવૃત
3. કર્કવૃત
4. મકરવૃત

47. કયા દેશમાં બિન-મુસ્લિમ સમુદાયના લોકોને મંદિર કે ચર્ચ બાંધવાની પરવાનગી નથી?

1. સાઉદી અરબ
2. ભારત
3. નેપાળ
4. પાકિસ્તાન

48. લાવારસ થી બનતા ખડકો -..........................

1. અગ્નિકૃત ખડકો
2. જળકૃત ખડકો
3. રૂપાંતરિત ખડકો
4. મૃદાવરણ

49. જમીનનો કયો ભાગ ઉપયોગી છે ?

1. ખડકોનું વિઘટન
2. જૂના ખડકો
3. લીલા પડવાસવાળી જમીન
4. રેતી, કાંકરા અને ચીકણી માટીવાળી જમીન

50. નીચેનામાંથી કયું લોકશાહી વ્યવસ્થાનું ઉદાહરણ છે ?

1. શિક્ષક દ્વારા વર્ગખંડ મોનીટરની પસંદગી કરવી
2. આચાર્ય દ્વારા વર્ગખંડ મોનીટરની પસંદગી કરવી
3. ઉપ-આચાર્ય દ્વારા વર્ગખંડ મોનીટરની પસંદગી કરવી
4. વર્ગખંડના વિદ્યાર્થીઓ દ્વારા વર્ગખંડ મોનીટરની પસંદગી કરવી

51. નીચેનામાંથી બંધબેસતી જોડ બનાવી, યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | અ | બ |
|---|---|---|
| I | થર્મોમીટર | A. વાતાવરણીય દબાણ માપે છે |
| II | બેરોમીટર | B. વરસાદનો જથ્થો માપે છે |
| III | વર્ષામાપક યંત્ર | C. પવનની દિશા બતાવે છે |
| IV | પવન દિશાદર્શક યંત્ર | D. તાપમાન માપે છે |

1. I-A, II-B, III-C, IV-D
2. I-D, II-A, III-B, IV-C
3. I-D, II-C, III-B, IV-A
4. I-C, II-D, III-B, IV-A

52. 'અમીર હોય કે ગરીબ' દરેક વ્યકિતને તેની દૈનિક જરૂરિયાત મુજબ પાણી પૂરતી માત્રામાં મેળવવાનો અધિકાર છે. આ કયા મૂળભૂત અધિકારમાં સમાવેશ કરેલ છે.

1. સમાનતાનો અધિકાર
2. સ્વતંત્રતાનો અધિકાર
3. જીવનનો અધિકાર
4. શોષણ વિરુદ્ધનો અધિકાર

53. સમુદ્રના મોજાથી ..................... બનતું નથી.

1. સમુદ્ર કમાન
2. સમુદ્રી ગુફા
3. સમુદ્રી ભેખડ
4. રેતીના ઢુંવા

54. ઘણા લોકો એવું માને છે સંસદમાં મહિલાઓ માટે અનામત હોવું જોઈએ. આ સંદર્ભે કોણ કાયદો બનાવી શકે?

1. સર્વોચ્ચ અદાલત
2. રાષ્ટ્રપતિ
3. વડાપ્રધાન
4. સંસદ

55. શેવાળ અને લીલ કયાં જોવા મળે છે ?

1. રણ પ્રદેશમાં
2. ઉષ્ણકટિબંધીય સદાબહાર જંગલોમાં
3. ટુંડ્ર પ્રદેશમાં
4. ઘાસના મેદાનોમાં

56. નીચેનામાંથી કયું કામ ખેતી કામ સાથે સંબધિત નથી ?

1. નીંદામણ
2. પ્રત્યારોપણ
3. વેચાણ
4. લણણી

57. કોલસો અને ખનિજ તેલ કયા ખડકોમાંથી મળી આવે છે ?

1. અગ્નિકૃત ખડકો
2. જળકૃત ખડકો
3. રૂપાંતરિત ખડકો
4. આરસના ખડકો

58. ભાષાના આધારે સર્વપ્રથમ કયા રાજયની રચના થઈ ?

1. આંધ્રપંદેશ
2. કર્ણાટક
3. મધ્ય પ્રદેશ
4. મણિપુર

59. જયારે કોઈ વ્યકિત બીજા દેશમાં સ્થાયી થાય ત્યારે તેને ત્યાં શું કહેવાય ?

1. દેશ છોડીને જનાર
2. પરદેશી
3. સ્થળાંતર કરનાર
4. વસ્તી વિસ્ફોટ

60. બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતમાં કયા કારણે ઔદ્યોગિક એકમો સ્થાપે છે ?

1. સસ્તા મજૂર મેળવવા
2. ભારતીયોના કલ્યાણ માટે
3. ભારતીય માળખાગત સુવિધા વધારવામાં
4. ભારતની આર્થિક વૃદ્ધિ માટે

-------------------------